KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233
Continuous issue-26 | August – September 2016

# "શ્રીમદ્ભગવદ્ગીતાની અબાધિત આધુનિકતા."

વેદવ્યાસ વિરચિત 'મહાભારત'–અંતર્ગત'શ્રીમદ્ભગવદ્ ગીતા' આવે છે. વિદ્વાનોને આ સુવિદિત છે. આમ છતા 'શ્રીમદ્ભગવદ્ગીતા'ને લોક હૃદયમાં અને સમાજમાં એક સ્વતંત્ર ગ્રંથ તરીકેનું બહુમાન મળેલું છે,એ તેનો મહિમા છે. આવી શ્રીમદ્ભગવદ્ગીતાની આધુનિકતા અબાધિત છે. अबाधं तु निर्गलम्- મોકળું,રોકટોક વિનાનું.(અમરકોશ-૩-૧-૮૩)(1)બાધિત એટલે રુકાવટ, અટકી જવું, રોકાઈ જવૂં,અને અબાધિત એટલે- રુકાવટ રહીત, રોકાઈ ન જાય તે,અટકી ન જાય તે અને આધુનિકતા એટલે વર્તમાનકાલિકતા. તેથી શોધપત્ર શીર્ષકનો અર્થ - ' શ્રીમદ્ભગવદ્ગીતાની અટકી ન જવાવાળી વર્તમાનકાલિકતા.' એવો થાય છે. શ્રીમદ્ભગવદ્ગીતા સદાકાળ માટે વર્તમાનકાલિક જ રહેનારી છે. હજારો વર્ષ થવા છતા શ્રીમદ્ભગવદ્ગીતા હંમેશ માટે આધુનિક જ રહે છે તેનું કારણ- 'શ્રીમદ્ભગવદ્ગીતા'એ માનવને કેન્દ્રમાં રાખીને કહેવાયેલો જીવનગ્રંથ છે.માનવનો વેશ બદલાય, દેશ બદલાય, જાતિ બદલાય, જ્ઞાતિ બદલાય, ભાષા બદલાય પરંતુ મૂળ માણસ હજારો વર્ષથી બદલાયો નથી કે બદલાવવાનો પણ નથી. આવા માનવની મૂળભૂત સમસ્યાઓ જેવી કે હર્ષ-શોક,રાગ-દ્વેષ,જય-પરાજય,લાભ-હાનિ વગેરે દ્વન્દ્વોની સામે હિંમતથી કેવી રીતે લડવું તેનું માર્ગદર્શન' શ્રીમદ્ભગવદ્ગીતામાં આપવામાં આવ્યું છે. માનવની આ સમસ્યાઓ કાયમી છે, તેથી આ મૂળભૂત સમસ્યાઓનું સમાધાન કરવાવાળી શ્રીમદ્ભગવદ્ગીતા સદાકાળ માટે આધુનિક જ રહેવાની છે. ગીતાકારે માનવની સતત ચિંતા-કાળજી કરી છે. માનવ પોતાનાં જીવન વિકાસનાં પથ ઉપરથી ચ્યુત-ભ્રષ્ટ ન થઇ જાય એટલા માટે તેઓ કહે છે કે- 'मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः । ( गीता-३/२३) (હે પાર્થ ! સર્વ મનુષ્યો મારા જ માર્ગનું અનુસરણ કરે છે.) આપણી ભારતીય સંસ્કૃતિની દૃઢ માન્યતા છે કે ' અવતાર' એ મનુષ્યજીવનને માર્ગદર્શન કરવા માટે આવે છે. શ્રીકૃષ્ણ માટે તો કહેવાય છે કે- कृष्णस्तु भगवान् स्वयम् । તેથી શ્રીકૃષ્ણ ભગવાને જે જે કર્યું છે અને જે જે કહ્યું છે તે બધું જ માનવ જીવન માટે માર્ગદર્શક રૂપ જ છે અને તે શાશ્વતકાળ સુધી આધુનિક જ રહેવાનું છે.

વેદ વ્યાસનાં વીરકાવ્ય મહાભારત માટે તો કહેવાયું છે કે:- यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत् कुत्रचित् । અર્થાત- જે અહિંયા મહાભારતમાં છે, તે વિશ્વમાં અન્યત્ર જોવા મળશે, પરંતુ જે અહિંયા નથી તે વિશ્વમાં ક્યાંય જોવા નહિં મળે. મહાભારત એ જ્ઞાનનો વિશ્વકોશ છે. તેને पश्चमो वेदः ।કહ્યોં છે. તેમાં સદુપદેશનાં જંગલોને જંગલો આવેલા છે. તેની અંદર આવેલી' श्रीमद् भगवद् गीता 'જીવ, જગત અને જગદીશનાં જ તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરે છે. એવું કહેવાય છે કે તેનાં ૭૦૦ શ્લોકોમાં વિશ્વની તમામ સમસ્યાઓનાં ઉકેલનું સમાધાન રહેલું છે. વિશ્વનાં કોઈ પણ દેશ,જાતિ,ધર્મ,ભાષાનાં વ્યક્તિને માર્ગદર્શન આપવાની યોગ્યતા ' श्रीमद् भगवद् गीता ' માં રહેલી છે. પાંડુરંગશાસ્ત્રી આઠવલેજી કહે છે કે:- ગુરુ તરીકે

શ્રીકૃષ્ણ ની ભૂમિકા અલૌકિક છે. તે પાંચ હજાર વર્ષોથી જગતને શિક્ષણ આપી રહ્યાં છે, તે એવા શિક્ષક છે જે વિદ્યાર્થીને લેસન ધૂંટવાનું ન કહેતાં, પોતેજ લેસન ધૂંટે છે. ઉચ્ચસિદ્ધાંતો પોતાના જીવનમાં ઉતારીને એ પ્રમાણે વર્તીને જગતને પાઠ ભણાવનાર શિક્ષક ક્યાંય જોવા નહિં મળે. શ્રીકૃષ્ણે પોતાનાં જીવન દ્વારા જગતનાં કરોડો જીવોને શિક્ષણ આપ્યું છે. સંસારમાં રહેવા છતા લોભાઇ ન જવું અને અનાસક્ત જીવન ગાળવું, એવો બોધ એમણે પોતે એવા પ્રકારનું જીવન જીવીને આપ્યો છે. આવો ગુરુ મળશે નહિં. માટે જ 'कृष्णं वन्दे जगद्‌गुरुम् '(2)

પાંડુરંગ શાસ્ત્રીજીનું સંપૂર્ણ સ્વાધ્યાય કાર્ય' श्रीमद् भगवद्गीता' નાં તત્વજ્ઞાન ઉપર આધારિત છે. તેમણે પોતાનાં પ્રવચનોમાં श्रीमद् भगवद्गीता ની માનવ જીવનમાં, એક માર્ગદર્શક-દીવાદાંડી જેવી આવશ્યકતા ભારપૂર્વક બતાવી છે. પરિણામે સંસ્કૃતભાષા નહીં જાણતા સામાન્ય લોકોને પણ "ગીતા "પ્રત્યે પ્રેમ નિર્માણ થયો. પૂ.પાંડુરંગ શાસ્ત્રીજી કહેતા કે 'ગીતા' મને સૌથી વધુ ગમે છે તેનું કારણ 'ગીતા'એ મારા પ્રભુનો એઠવાડ છે. અર્થાત્ પાંચ હજાર વર્ષો પહેલા ભગવાનનાં મુખારવિંદમાંથી જે શ્લોકો ગવાયા હતાં, ઉદાહરણ તરીકે- यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।। (ગીતા-૪/૭) अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।। (ગીતા-૯/૨૨), सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।(ગીતા-૧૮-૬૬),વગેરે- તે જ શ્લોકો, આજે આપણે બોલીએ છીએ. આમ લોકોનો 'ગીતા'ઉપર પ્રેમ ઉત્પન્ન થતાં,તેનાં શ્લોકો અને અધ્યાયો કંઠસ્થ બોલતા થયા છે. આ રીતે ' સ્વાધ્યાય પરિવાર'નાં લાખો લોકોનાં જીવનમાં ' શ્રીમદ્ભગવદ્ગીતા', આધુનિક સમયે પણ માર્ગદર્શક બની રહી છે. મહાત્મા ગાંધીજી કહે છે કે-" હું તો મારી બધી મુશ્કેલીઓમાં ગીતામાતા પાસે દોડી જાઉં છું ને આજ લગી આશ્વાસન મેળવી શક્યો છું.(૩)

'શ્રીમદ્ભગવદ્ગીતા'ને ધર્મનાં સંકૂચિત વાડાઓ નડતા નથી. વિશ્વનો કોઈ પણ સાચો જિજ્ઞાસુ માણસ 'શ્રીમદ્ભગવદ્ગીતા'માંથી પોતાની મૂંઝવણનો ઉકેલ મેળવી શકે છે. 'ગીતા'ની આ વિશેષતાનો યશ તેનાં ઉદ્ગાતા યોગેશ્વર શ્રીકૃષ્ણને જાય છે. માનવ માટે તેમનાં હૃદયમાં રહેલી કરુણા ' શ્રીમદ્ભગવદ્ગીતા'માં ડગલે ને પગલે જોવા મળે છે. અત્રે બધી જ બાબતો નું નિરૂપણ કરવું શક્ય ન હોવા થી થોડાકથી જ સંતોષ માનીશું.

'શ્રીમદ્ ભગવદ્ ગીતા'અ.૨,'સાંખ્યયોગ'માં અંતિમ ભાગમાં ભગવાન પોતાનાં લાડકા દીકરા-' સ્થિતપ્રજ્ઞ' પુરુષનું સુંદર વર્ણન કરે છે, પરંતુ તેમાં વચ્ચે જ સ્થિતપ્રજ્ઞ અવસ્થાને નહીં પામેલાં સર્વ સાધારણ મનુષ્યો, ઇન્દ્રિયોના વિષયોમાં કેવી રીતે ફસાય છે અને કેટલી હદે તેમનું અધઃપતન થાય છે, તેનું આબેહૂબ દૃશ્ય આપણી સમક્ષ ખડું કર્યુ છે. જે નીચે મુજબ છે.

ध्यायतो विषयान्पुंसः सऽगस्तेषूपजायते ।
सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते ।। (गीता-२-६२)

અર્થાત્ વિષયોનું ચિંતન કરનાર પુરુષની તે વિષયોમાં આસક્તિ થઈ જાય છે, આસક્તિથી (તે વિષયોની ) કામના ઉત્પન્ન થાય છે અને કામના ( માં વિઘ્ન પડવા ) થી ક્રોધ ઉત્પન્ન થાય છે.

क्रोधाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रम ।
स्मृतिभ्रशादबुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ।। ( गीता-२/६३)

અર્થાત્ ક્રોધથી અવિવેક એટલે મૂઢભાવ ઉત્પન્ન થાય છે, અવિવેકથી સ્મરણશક્તિ ભ્રમિત થઈ જાય છે, સ્મૃતિ ભ્રમિત થઈ જવાથી બુદ્ધિ અર્થાત્ જ્ઞાનશક્તિનો નાશ થઈ જાય છે. (અને) બુદ્ધિનાશ થવાથી (આ પુરુષ ) પોતાના કલ્યાણથી પડી જાય છે.

કિશોરલાલ ઘ.મશરૂવાળા ઉપર્યુક્ત સંસ્કૃત શ્લોકોનો સમશ્લોકી અનુવાદ નીચે મુજબ આપે છે.

વિષયોનું રહે ધ્યાન તેમાં આસક્તિ ઊપજે,
જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે ,
ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે.'(4) ( ગીતાધ્વનિ-૨/૬૨-૬૩)

આમ 'ગીતા' કહેતી વખતે ગીતાકાર માઁની ભૂમિકાથી કહી રહ્યાં છે. માઁને પોતાનાં દરેક દીકરા ઉપર સમાન પ્રેમ હોય છે. પોતાનાં ફસ્ટક્લાસ દીકરા- સ્થિતપ્રજ્ઞનું વર્ણન કર્યા પછી જગતમાંનાં સર્વસાધારણ તમામ જીવાત્માઓને સાવધાન કરવાનાં હેતુથી જ તેઓ અંહીયા અધઃપતનની અવસ્થાઓ નિરૂપીને દરેક જીવાત્માને **Red Signal** બતાવી રહ્યાં છે. જેથી કરીને આપત્તિ આવતાં પહેલાં જ માણસ તેનાથી સાવધાન થઈ જાય. જોકે વિષયોની આસક્તિથી ઉત્તરોત્તર સર્વનાશ સુધીની સ્થિતિ અતિ સૂક્ષ્મ છે. સર્વસાધારણ વ્યક્તિની સમજમાં ન આવે તેવી છે. પરંતુ જો આજનો માનવ આ સૂક્ષ્મ વિકારોના ઉત્પત્તિની ક્ષણને ઓળખી જશે, તો તેનું જીવન સર્વનાશમાંથી ઉગરી જશે, અને ગીતાકારનો પ્રયત્ન સાર્થક થશે.

ગીતાકાર સ્વયં પણ કહે છે કે-

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनम् आत्मनः ।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत् । । ( गीता-१६/२१)**

અર્થાત્ કામ,ક્રોધ, તથા લોભ આ ત્રણ પ્રકારનાં નરકના દ્વાર ( સર્વ અનર્થોનાં મૂળ) આત્માનો નાશ કરવાવાળા છે. અર્થાત્ અધોગતિમાં લઈ જનારાં છે.એટલા માટે આ ત્રણેનો ત્યાગ કરવો જોઈએ.

**काम एष क्रोध एष रजोगुण समुद्भवः ।**
**महाशनोमहापाप्मा विद्धयेनमिह वैरिणम् ।। ( गीता-3/3७)**

અર્થાત્ રજોગુણથી ઉત્પન્ન થયેલો આ કામ જ ક્રોધ છે, એ જ મહા અશન એટલે અગ્નિ જેવો ભોગોથી તૃપ્ત ન થનાર અને મહાપાપી છે. એ વિષયમાં તું એને જ વૈરી જાણ.

પ્રસ્તુત શ્લોકમાં ગીતાકાર વિદ્ધિ શબ્દનો પ્રયોગ કરે છે. સંસ્કૃત ભાષામાં વિદ્ધિ શબ્દનું વિષેશ મહત્ત્વ છે. જે બાબત સંપૂર્ણ સત્ય હોય ત્યાં જ આ વિદ્ધિ શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે.

કઠોપનિષદમાં મનુષ્ય શરીરને 'રથ'નું રૂપક આપતા કહ્યું છે કે-

**आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।**
**बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च । । (कठोपनिषद्- १/३/३)**

અર્થાત્ મનુષ્ય શરીરએ રથ છે, 'આત્મા ' એ રથનો (શરીરનો) માલિક છે, બુદ્ધિએ સારથિ છે. અને 'મન' એ લગામ છે. ભાષ્યકાર ભગવાન આદ્ય શંકરાચાર્ય કહે છે કે- **बुद्धिं तु अध्यवसायलक्षणां सारथिं विद्धि, बुद्धि नेतृप्रधानत्वाच्छरीरस्य सारथि नेतृप्रधान इव रथः । ' निश्चय करना ही जिसका लक्षण है ।**

**उस बुद्धिको सारथि जान, क्योंकि सारथिरुप नेता ही जिसमें प्रधान है उस रथ के समान, शरीर बुद्धिरुप नेताकी प्रधानतावाला है ।** '(5)

'શ્રીમદ્ભગવદ્ગીતા'એ પણ માનવનાં સ્થૂળ શરીર તેની અંદર રહેલી સૂક્ષ્મ ઈન્દ્રિયો, ઈન્દ્રિયોથી પણ સૂક્ષ્મ મન, મનથી પણ અતિ સૂક્ષ્મ બુદ્ધિ અને બુદ્ધિથી પણ સાવ પરે રહેલા 'આત્મા' વગેરેનું હૃદયંગમ્ નિરૂપણ કર્યુ છે, જે આજનાં તેમજ આવનારાં સમયનાં માનવોને માટે હંમેશ માટે આધુનિક જ રહેવાનું છે. વિભૂતિયોગમાં ભગવાને કહ્યું છે કે- कालः कलयतामहम् । ( ગીતા-૧૦-૩૦) ગણત્રી કરવાવાળાઓમાં સમય હું છું. તો પછી ' શ્રીમદ્ભગવદ્ગીતા' ને કાળ કેવી રીતે બાધિત કરી શકે ? યુગ યુગનાં માનવોને 'શ્રીમદ્ભગવદ્ગીતા'એ માર્ગદર્શન આપ્યું છે, આપે છે અને આપતી રહેશે.આ અમૂલ્ય ગ્રંથ રત્નમાંથી પ્રેરણા લઈને વિશ્વનાં માનવો પોતાનું જીવન સાર્થક કરે તે જ અભ્યર્થના !

श्रीकृष्णार्पणमस्तु

## પાદટીપ :

૧. 'અમરકોશ'- અનુવાદક-ડૉ.કેશવરામ કા.શાસ્ત્રી,પ્રકાશક-યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય,અમદાવાદ.દ્વિતીય આવૃત્તિ-૧૯૯૮.પૃ.૩૫૨.
૨. 'સાંસ્કૃતિક વિચારધારા'-પાંડુરંગ શાસ્ત્રીજીનાં પ્રવચનોનું સંકલન,પ્રકાશક-શ્રી વલ્લભદાસ જે.ઝવેરી,સદ્વિચાર દર્શન,નિર્મલ નિકેતન,મુંબઈ.દસમી આવૃત્તિ-૧૯૯૫,પૃ.૩૫.
૩. 'ગીતાબોધ'- ગાંધીજી-નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.પહેલી આવૃત્તિ, ઓગણીસમું પુનર્મુદ્રણ,મે-૨૦૦૫.પૃ.-૫.
૪. 'ગીતા ધ્વનિ'- કિ.ઘ.મશરૂવાળા- નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪, એપ્રિલ-૨૦૦૭ ,પૃ.૧૭.
૫. 'कठोपनिषद्'- सानुवाद शाङ्करभाष्य सहित- गीताप्रेस,गोरखपुर, सं. २०५७, छव्वीसवाँ संस्करण - पृ.-७६.

## સંદર્ભ ગ્રંથ સૂચિ :

૧. 'कठोपनिषद्'-सानुवाद शाङ्करभाष्य सहित- गीताप्रेस,गोरखपुर, सं. २०५७, छव्वीसवाँ संस्करण ।
૨. 'ગીતા ધ્વનિ'- કિ.ઘ.મશરૂવાળા- નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪, એપ્રિલ-૨૦૦૭.
૩. 'ગીતાબોધ'- ગાંધીજી-નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.પહેલી આવૃત્તિ, ઓગણીસમું પુનર્મુદ્રણ,મે-૨૦૦૫.
૪. 'श्रीमद् भगवद् गीता '- गीताप्रेस गोरखपुर, सं. २०५०, पाँचवाँ संस्करण ।
૫. 'સાંસ્કૃતિક વિચારધારા'-પાંડુરંગ શાસ્ત્રીજીનાં પ્રવચનોનું સંકલન,પ્રકાશક-શ્રી વલ્લભદાસ જે.ઝવેરી,સદ્વિચાર દર્શન, નિર્મલ નિકેતન,મુંબઈ.દસમી આવૃત્તિ-૧૯૯૫

*************************************************************************

પ્રા.મયારામ કે.પટેલ
(સંસ્કૃત વિભાગ)
સરકારી વિનયન કૉલેજ,
સેક્ટર-૧૫,ગાંધીનગર.

Copyright © 2012 - 2016 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat